**– :: ફોજદારી કેસ નં.૧૪૨/૨૦૨૬ ના કામે આંક–૧ નીચે હુકમ ::–**

(૧) હાલના કામના આરોપી **સુરેશભાઈ જગાભાઈ પઢારનાઓ** સામે જુગાર ધારા કલમ ૧૨ હેઠળની ફરીયાદ કરવામાં આવેલ અને તેની સામે પોલીસ દ્વારા ચાર્જશીટ ફાઈલ કરવામાં આવેલ છે.

(૨) આરોપીઓ કોર્ટમાં હાજર થઈ, સ્વૈચ્છીક કબુલાત આપવાનું કહેતા હોય, અને આરોપીની કબુલાત સ્વીકારી. **આંક :– ૧૩** આરોપીઓએ કબુલાત પુરસીસ આપી ગુનો કબુલ હોવાનું જાહેર કરે છે.

(૩) **આંક :–૧૩** થી આરોપીઓએ પોતાની ગુના અંગેની કબુલાત પુરસીસથી જાહેર કરે છે કે તેઓ ગરીબ વર્ગના છે અને તેમના પર કુટુંબની જવાબદારી છે તથા તેમને ગુનાનો પસ્તાવો છે અને તેને સુધરવાની તક મળવા અરજ કરેલ છે. વધુમાં આ કબુલાત સ્વૈચ્છીક હોય અને તેઓ આ કૃત્ય બદલ પારાવાર પસ્તાવો કરતા હોય અને હવે પછી આવુ કૃત્ય નહીં કરવાનું કબુલાત પુરસીસથી જાહેર કરે છે. **આંક :–૧૨** થી આરોપીઓની પ્લી રેકર્ડ કરેલ છે.

***હાલના કેસમાં કોર્ટ દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટ ૨૦૦૫ (૧) જી. એલ. આર ૭૦૯, ગુજરાત સ્ટેટ વિરૂધ્ધ નટવરસિંહ હરચંદજી ઠાકોરનો ચુકાદો ધ્યાને લઈ તથા આરોપીઓના સંજોગો ધ્યાને લઈ તેને સુધરવાની તક આપી ન્યાયોચીત જણાતું હોય જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.***

**<u>–:: આખરી હુકમ ::–</u>**

હાલના કેસના આરોપી **સુરેશભાઈ જગાભાઈ પઢારના**ઓને ક્રિમિનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ની કલમ ૨૫૨ હેઠળ આરોપીઓને **જુગાર ધારા કલમ ૧૨** હેઠળ દરેક આરોપીને રૂા. **૩૦૦/– (અંકે રૂપિયા ત્રણસો પુરા)નો** દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે. અને આરોપીઓ જો દંડની રકમ ના ભરે તો દિન– ૨ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદરહું કામમાં મુદ્દામાલ તરીકે કબજે કરેલ રોકડ રકમને સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે. સદરહું કામમાં મુદ્દામાલ તરીકે કબજે કરેલ મુદ્દામાલનો નાશ કરવો. તેમજ અગાઉ મુદ્દામાલ પરત સોંપવાનો હુકમ થયેલ હોય તો તે બિનશરતી કાયમી કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ, આજ રોજ તારીખ ૧૧ મી, માહે–જુલાઈ , સને ૨૦૨૬ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં જાહેર કર્યો.

બાવળા
તા ૧૧/૦૭/૨૦૨૬

**( વિશુ શક્તિદિપસિંહ ઝાલા )**
પ્રિન્સીપાલ સિવિલ જજ અને
જયુ.મેજી.ફ.ક.બાવળા.
UIC No.GJ-01669